

## ભિલોડા તાલુકામાં ઘઉં કાઢવાની સિઝન પુરબહારમાં ખીલી ઉઠી

ભિલોડા તાલુકામાં ઘઉં કાઢવાની સિઝન પુરબહારમાં ખીલી ઉઠી છે.એક તરફ ખેત મજુરોને તીવ્ર અછતના કારણે ખેડુતો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ઘઉંની કાઢવાના થ્રેશર માલીકોને ઘી-કેળા થઈ ગયા છે. ઘઉંનું મબલક ઉત્પાદન થઈ રહ્યું હોવા છતાં હુસેલનો ભાવ આસમાને પહોંચી ગયા છે ત્યારે પશુપાલકો ચિંતીત છે.

# ભિલોડા તાલુકામાં ખનિજ માફિયાઓ સામે તંત્રની લાલ આંખ

ભિલોડા,તા.૬

ભિલોડા તાલુકાના ખિલોડા ગામ પાસેથી ઓવરલોડ રેતી ભરેલી ત્રણ ટર્બો ટ્રકો મામલતદાર ધ્વારા ઝડપાઈ હતી. રેતી-કપચીનો બે નંબરનો ધીકતો ધંધો કરતા વેપારીઓ અને ખનીજ માફીયાઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડા મામલતદાર જી.કે.પટેલ, નાયબ મામલતદાર એન.એમ. ચૌધરીએ તપાસ હાથ ધરતાં ઓવરલોડ રેતી ભરેલી હિંમતનગરની ત્રણ ટર્બો ટ્રકો ઝડપી દંડનીય કાર્યવાહી હાથ ધરતાં ખાણ-ખનીજની ચોરી કરતા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભિલોડા મામલતદાર કચેરીના અધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ હિંમતનગર કેસરીનંદન ટ્રેડર્સ,તેજસભાઈ શેઠ, રવિન્દ્રસિંહ ભાટીની (૧)



નંબર.જી.જે.૦૯.ઝેડ.૮૫૦૧ (૨) નંબર.જી.જે.૦૯. એ.યુ.૦૫૨૮ (૩) નંબર.જી.જે.૦૯.ઝેડ.૮૫૪૮ ત્રણ ટર્બો ટ્રકો ખિલોડા ગામ પાસેથી પસાર થતી હતી ત્યારે રેતી ભરેલી ઓવરલોડ ત્રણ ટર્બો ટ્રકોની મામલતદાર ધ્વારા તપાસ હાથ ધરાતાં પાસ પરમીટ કરતા વધારે રેતીનો જથ્થો ઝડપાયો હતો. ઓવરલોડ રેતી ભરેલી ત્રણ ટ્રકોના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી મામલતદારએ હાથ ધરી હતી. ઓવરલોડ રેતી ભરેલી ત્રણ ટર્બો ટ્રકો મામલતદાર કચેરી કંપાઉન્ડમાં મુકાઈ હતી .ઓવરલોડ રેતી ભરેલી ત્રણ ટર્બો ટ્રકોનું સ્થળ ઉપર પંચનામું કરી દંડ ફટકારતાં ખનીજ ચોરી કરતા બે નંબરીયા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભિલોડા પાસેથી પસાર થતી હાથમતી નદી, બુઢેલી નદી, ઈન્દ્રાસી નદી, તળાવો, વાંઘા, કોતરોમાંથી ખનીજ માફીયાઓ ગેરકાયદેસર રીતે ખુલ્લેઆમ ચોરીઓ કરી રહ્યા છે પરંતુ ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. રેતી, કપચી, પથ્થર, ઈંટોના વ્યવસાય સાથે સંકળાયેલા બે નંબરીયા વેપારીઓ કાયદાની ઐસી-તૈસી કરી ગેરકાયદેસર રીતે અધધધ... ઓવરલોડ માલ ભરી ટર્બો ટ્રકો, ટ્રેક્ટરની ટ્રોલીઓમાં હેરાફેરી કરતાં હોવાનું લોકમુખે ચર્ચાય છે.

# અરવલ્લી જિલ્લામાં ભાજપના સ્થાપના દિવસની ઉજવણી

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લામાં આજે ભારતીય જનતા પાર્ટીનો ૩૮મો ખાસ કરીને દરેક કાર્યકર્તાઓ પક્ષના ઝંડા તેમજ જરૂરી સાહિત્ય સાથે પોતાને સોંપવામાં આવેલ બુથો ગામમાં જે તે સાહિત્ય અને મોટા ઝંડાને લીધે કેસરિયો માહોલ જોવા મળી રહ્યો હતો. જિલ્લા ભાજપ



સ્થાપના દિવસ ભારે હર્ષોલ્લાસભેર કાર્યકરોએ ઉજવ્યો હતો.

જિલ્લાના ત્રણ વિધાનસભા ક્ષેત્રના ૬ તાલુકાના અને બે શહેરોમાં મળી કુલ ૧૦૧૩ બુથ ઉપર ભાજપના હોદ્દેદારો-કાર્યકર્તાઓ પહોંચી ગયા હતા અને જે તે બુથના બુથ પ્રમુખો, સભ્યો, નાગરિકો સાથે બેસીને પક્ષના સ્થાપના દિનની ઉજવણી કરી હતી.

જે તે બુથ અને વિસ્તારમાં ઉપર પહોંચી ગયા હતા. બુથ વિસ્તારના ગામની વસ્તીના ઘરેઘરે પહોંચીને ઘરની દીવાલો ઉપર ભાજપનું સાહિત્ય ચોંટાડયું હતું તેમજ ઘરેઘરે અને ફળિયાઓમાં જઈને જરૂરી સાહિત્ય વહેંચણી કરવા સાથે મકાનની આગાસીએ જઈને પાર્ટીના ઝંડા પણ લગાવ્યા હતા.

પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શામળભાઈ પટેલ સહિત ત્રણેય મહામંત્રીઓ,અન્ય હોદ્દેદારો, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને આઈ.એ.ટી.એમ.નવી દિલ્હીના અરવલ્લીના પ્રેસિડન્ટ પ્રભુદાસભાઈ પી. પટેલ, બુથ પ્રમુખો, પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ પોતાને સોંપેલ બુથ ઉપર સ્થાપના દિનની ઉજવણી કરી હતી.

# પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા છઠ્ઠી એપ્રિલ સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ ભાજપ કાર્યકરો દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. હતાં. જયારે પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ દ્વારા ભાજપના સ્થાપના દિન નિમિત્તે કાર્યકરોને ભાજપ વિષેની માહિતી આપી હતી અને



ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભાજપ આગેવાનો કાર્યકરો દ્વારા પ્રાંતિજ ખાતે વિવિધ વોર્ડોમાં ભાજપના સ્ટ્રીકર લગાવવામાં આવ્યા હતાં.

પ્રાંતિજ સહિત તાલુકામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા છઠ્ઠી એપ્રિલ ભાજપનો સ્થાપના દિવસની વિવિધ રીતે જેમાં પ્રાંતિજ સ્વામીનારાયણ નગરમાં આવેલ વોર્ડ નં. ૭ રમેશભાઈ સિંધીના મકાન ખાતે પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, નગરપાલિકાના પ્રમુખ નિરવભાઈ પરીખ, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, મંત્રી જીગ્નેશભાઈ પડયાં સહિત ભાજપ કાર્યકરો આગેવાનો એકઠાં થયાં ભાજપ કાર્યકરો આગેવાનોને પાર્ટીની સાચી ઓળખ અને પાર્ટીના નાનામા નાના કાર્યકરોને સાથે રાખીને ચાલવાનું કાર્યકરોને જણાવ્યું હતું. જયારે આ પ્રસંગે વિવિધ વોર્ડમાં ભાજપ કાર્યકરો આગેવાનો દ્વારા ઘરે ઘરે અને બજારમાં ભારતીય જનતા પાર્ટીના સ્ટ્રીકરો લગાવીને સ્થાપના દિનની ઉજવણી કરી હતી.

## ભિલોડામાં રામનવમી નિમિત્તે ત્રિશુલ દિક્ષાનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૬

ભિલોડા વૈજનાથ મહાદેવ મંદીર હોલમાં રામનવમી નિમિત્તે વિશ્વ હિન્દુ પરીષદ, બજરંગ દળ, ભિલોડા પ્રખંડ,જન્મોત્સવ સમિતી ધ્વારા ત્રિશુલ દિક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પતલેશ્વર મહાદેવ મંદીર મહારાજ, મનિષભાઈ પટેલ, મનોજભાઈ હસમુખભાઈ પટેલ સહિત નવયુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડા ગૌ-રક્ષા સમિતી ધ્વારા રામનવમી નિમિત્તે પુજાનો કાર્યક્રમ

ભિલોડા,તા.૬

ભિલોડા ગૌ-રક્ષા સમિતી ધ્વારા રામનવમી નિમિત્તે પુજા, અર્ચના અને નવા ભવનાથ બહેરાં-મુંગા બાળકોની શાળામાં તિથી ભોજનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા મામલતદાર જી.કે.પટેલ, નાયબ મામલતદાર એન.એમ. ચૌધરી, ટી.ડી.ઓ. રાકેશભાઈ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, મનીષભાઈ પટેલ, ઐયુબ બાવજી, યજ્ઞેશ પંચાલ, ભરત પ્રજાપતી, ભરત સોમાણી, મોહિત પુરશવાણી સહિત ગૌ-રક્ષા સમિતીના હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડામાં ભાજપ સ્થાપના દિન નિમિત્તે ધ્વજા રોહણનો કાર્યક્રમ

ભિલોડા, તા.૬

ભિલોડામાં ભાજપ સ્થાપના દિન નિમિત્તે ધ્વજા રોહણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગુણવંતભાઈ ત્રિવેદી, ભીખાભાઈ પટેલ, અરવિંદભાઈ બારોટ, યોગેશભાઈ બુધ્ધ, જગદીશભાઈ પટેલ, રોહિતભાઈ ત્રિવેદી, હરેશભાઈ પંચાલ, શાંતીલાલ પંચાલ, મુકેશભાઈ મહેતા, ચંદ્રવદનભાઈ રાવલ, અલ્પાબેન ઠાકોર, વિક્રમભાઈ ઠાકોર, રવીભાઈ ઠાકોર સહિત ભાજપના હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



## ડીસામાં શોભાયાત્રા દરમિયાન ભૈયાની મિત્ર મંડળ દ્વારા શેરડી રસનું વિતરણ

ડીસા શહેરમાં રામનવમી નિમિત્તે નિકળેલી ભવ્ય શોભાયાત્રામાં જોડાયેલા ધર્મપ્રેમી નાગરિકો માટે ભૈયાજીઓ દ્વારા આદર્શ હાઈસ્કૂલ પાસે શેરડી રસનો કેમ્પ યોજાયો હતો. જેનો શોભાયાત્રા જોડાયેલ તમામ લોકોએ લીધો હતો. ધંધાર્થે એમ.પી. અને યુ.પી.થી આવી ડીસાને પોતાનું વતન બનાવનાર ભૈયાજીઓ ડીસા શહેર સાથે ઓતપ્રોત થઈ ગયા છે. તેઓ તમામ તહેવારો શહેરવાસીઓ સાથે મળીને ઉજવે છે. જેમાં બનાસ શેરી કોલા સેન્ટરના હીરાલાલ યાદવ સહિત શહેરમાં વસતા તમામ ભૈયાજીઓ હર્ષોલ્લાસ સાથે જોડાયા હતા.

## આજે મહેસાણા શહેરમાં સેવાસેતુ કાર્યક્રમનો પ્રારંભ

મહેસાણા, તા. ૬

મહેસાણા શહેરમાં સેવા સેતુ (શહેરી) બીજા તબક્કાના કાર્યક્રમનો પ્રારંભ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ કરાવનાર છે. મહેસાણા શહેરમાં વોર્ડ નંબર ૮ અને ૯નો સેવાસેતુ કાર્યક્રમ સિવિક સેન્ટર ટી.બી રોડ ખાતે ૭ એપ્રિલ ૨૦૧૭ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકથી થનાર છે.

સેવાસેતુ કાર્યક્રમમાં સંબધિત નાગરિકોને વિવિધ સેવાઓ સ્થળ પર મળે છે. જેમાં ડોમીસાઈલ પ્રમાણપત્ર, આધાર કાર્ડ, રેશનકાર્ડ સંબધિત, જાતિ પ્રમાણપત્ર, કુવંરબાઈનું મામેરૂ સહાય યોજના, દિવ્યાંગતા પ્રમાણપત્ર, કસ્તુરબા પોષણ સહાય યોજના, ઉજાલા યોજના, મેડીસીન-ગાયનોકોલોજી, સર્જિકલ સારવાર, ડીવર્મીંગ, રસીકરણ, આધાર કાર્ડનું બેન્કીંગ સાથે જોડાણ, નવીન બેન્ક એકાઉન્ટ, જનધન યોજના અન્વયે બેન્ક એકાઉન્ટ, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના, સુરક્ષા વિમા યોજના, સુકન્યા સમૃધ્ધી યોજના, અટલ પેન્શન યોજના, બસ કન્સેશન પાસ વિકલાંગ, સિનિયર સીટીઝન અને સામાન્ય લોકો માટે, આર.ટી.ઓ સંલગ્ન સેવાઓ, સાત-બાર અને આઠ-અ ના પ્રમાણપત્રો, રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના, કુટુંબિક સહાય યોજના, જાતિ પ્રમાણપત્ર, ક્રીમીલેયર પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ નિરાધાર સહાય, ફ્રીશીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમિયાન, પ્રોપર્ટી ટેક્ષ, જન્મ-મરણના પ્રમાણપત્ર, આવકનો દાખલો, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર સહિતની સેવાઓનો સમાવેશ થાય છે.

# આદિજાતિ વિકાસ અધિકારીને પચાસ હજારની લાંચ લેતા એસીબીએ ઝડપી લીધો

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લામાં આદિજાતિ વિકાસ અધિકારીને રૂ. ૫૦ હજારની લાંચ લેતા અમદાવાદ સીટી એસીબી પોલીસે ગોઠવેલ છટકામાંઝડપી લેતા કર્મચારી વર્તુળમાં ચકચાર મચી ગઈ છે. ફરિયાદી સાથે નક્કી કરેલા એક લાખ પૈકી ૪૦હજાર આ પહેલા આપ્યા પછી બાકીના ૬૦ પૈકી રૂ. ૫૦ હજારની લાંચ લેતા એસીબી પીઆઈએ રંગે હાથ ઝડપી લીધો હતો.

અરવલ્લી જિલ્લાના વર્ગ-૨ ના આદિજાતિ વિકાસ અધિકારી ધીરેનકુમાર નટવરલાલ મકવાણા ફરિયાદી પાસેથી રૂ.૫૦હજારની લાંચ લેતા ઝડપાઈ ગયો હતો. જેમાં વિગત એવી છે કે ફરિયાદીએ ૨૦૧૫ના વર્ષમાં સાબરકાંઠા જિલ્લાની અલગ અલગ સરકારી



શાળાઓમાં સફાઈ સેવક અને સિક્યુરિટી ગાર્ડ રાખવા માટેનું બહાર પડેલ ટેન્ડર મંજુર થયું હતું. જે અનુસાર તા.૩૧-૩-૨૦૧૭ સમય સુધી ટેન્ડર મુજબ કામ પૂરૂ થતા ફરિયાદીને ૧૦,૮૬,૩૧૭નું બિલ મંજૂર કરવા માટે આરોપી અધિકારી દ્વારા રૂ.૧લાખની રકમની માગણી કરવામાં આવી હતી. જેપૈકી અગાઉ ફરિયાદીએ રૂ.૪૦ હજાર ચૂકવી આપ્યા હતા અને હવે રૂ.૬૦ હજારની બાકી રહેતી રકમ ચુકવવાની હતી તે પૈકી તા. ૪-૪-૧૭ના રોજ ફરિયાદી પાસેથી આદિજાતિ વિકાસ અધિકારી ધીરેનકુમાર નટવરલાલ મકવાણા રૂ. ૫૦ હજારની રકમ સ્વીકારતા આમદવાદના એસીબી પીઆઈ એસ. કે. રહેવરે રંગે હાથ ઝડપી લીધો હતો અને આરોપી વિરુદ્ધ નોંધાયેલ આ અંગેના ગુના સબબ વધુ તપાસ હાથ ધરાઈ છે.

# ગણપત યુનિવર્સિટીના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે ‘ઋણ ચુકવવા’ વિષે વિશિષ્ઠ વ્યાખ્યાન યોજાશે

ગણપતવિદ્યાનગર, તા. ૬

ગુજરાતની એક પ્રથમ હરોળની અને હાઈટેક શૈક્ષણિક સંસ્થા તરીકે પ્રતિષ્ઠા પામેલી ગણપતયુનિવર્સિટી આગામી તા. ૧૨ એપ્રિલ ૨૦૧૭ના રોજ તેનો ૧૨મો સ્થાપના દિન ઉજવશે અને આ નિમિત્તે ગુજરાત વેપારી મહામંડળ તેમજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના પ્રમુખ તરીકે મહત્વનું સેવા-પ્રદાન કરી ચૂકેલા રાજ્યના ખ્યાતનામ મમતા ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપના વડા મહેન્દ્ર પટેલ સમાજને તેનું ઋણ પરત કરવા વિષે પોતાનું ચિંતન વ્યાખ્યાન રૂપે રજુ કરશે.

૨૦૦૫માં ગુજરાત સરકારે એક ખાસ ખરડો વિધાનસભામાં પસાર કરીને આ સંસ્થાને યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો હતો, તો પછી તરતના સમયમાં ગણપત યુનિવર્સિટીને યુજીસી તરફથી તેની ૨-એફ કલમ હેઠળ માન્યતા પણ પ્રાપ્ત થઈ હતી. માત્ર ચાર જેટલી કોલેજો સાથે પ્રારંભ પામેલી ગણપત યુનિવર્સિટીમાં આજે પંદરથી વધારે તેના સંલગ્ન ઈન્સ્ટિટ્યૂટ્સ-કોલેજ કે ડિપાર્ટમેન્ટસમાં ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ વિવિધ વિદ્યાશાખાઓમાં શિક્ષણ લઈ રહ્યાં છે. આ વિદ્યાશાખાઓમાં એન્જિનિયરિંગ, ફાર્મસી, મેનેજમેન્ટ, કોમ્પ્યુટર સાયન્સ, કોમર્સ, હ્યુમોનિટિઝ, સાયન્સ, ડેરી મેનેજમેન્ટ જેવી અનેક વિવિધ ફેકલ્ટીઝનો સમાવેશ થાય છે.

કેમ્પસ ઉપર ચારેક હજાર જેટલા વિદ્યાર્થીઓ રહી શકે તેટલી હોસ્ટેલો છે, બે બેઝ છે, પોતાની પોસ્ટઓફિસ અને પિન-કોડ નંબર છે, સ્પોર્ટસ માટેના મેદાનો, ૧૨૫થી વધુ સ્ટાફ ક્વાટર્સ, શોપિંગ સેન્ટર, જિમ, ક્લિનિક, ૧૦ હજાર જેટલા લોકો બેસી શકે તેવુ ઓપન એર થિયેટર, થિયેટર તેમજ આધુનિક સુવિધાઓથી સજજ એવું નવું જ ઓડિટોરિયમ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા અને આસપાસના અન્ય સ્થળો સાથે સાંકળતી બસ સેવાઓ અને સૌથી વિશેષ એવા ૫૦ હજારથી વધારે વૃક્ષોથી આચ્છાદિત એવું ૩૦૦થી વધારે એકર ઉપર પથરાયેલું હરિયાળા ઉપવન સમુ કેમ્પસ-એમ ગણપત વિદ્યાનગર સંકુલ અનેકવિધ સુવિધાઓ સાથે વિદ્યાર્થીઓના ચારિત્ર્ય અને કારકિર્દીના ઘડતરનું મહામુલું કાર્ય કરે છે. વિદ્યા દ્વારા સમાજનો ઉત્કર્ષ એ ગણપત યુનિવર્સિટીનું કાર્ય-સૂત્ર, સેવા-સૂત્ર છે.

### સેન્ટર શરૂ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યકક્ષાની ઉજવણી પણ ગાંધીનગમરાં થવાની છે ત્યારે ગાંધીનગર જિલ્લામાં નવજાત શિશુઓ માટેનું સેન્ટર જે આરંભાઈ રહ્યુ છે તે સૌથી મોટી ભેટ સરકારની છે.

૧૨ વર્ષની આયુ ધરાવતા દિવ્યાંગોને આ સેન્ટરમાં સારવાર આપવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પાછળના ભાગમાં ઉભા કરાયેલ આ સેન્ટરનો આરંભ ૩૦થી વધુ ખાસ દિવ્યાંગો બાળકોની સારવાર સાથે કરાવવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

આ સેન્ટરમાં બાળ નિષ્ણાતો ઉપરાંત વિવિધ નિષ્ણાંત તબીબોની સેવાઓ પણ ઉપલબ્ધ બનશે. ઉત્તર ગુજરાત પંથકનું આવુ પહેલુ સેન્ટર ગાંધીનગરમાં આજથી આરંભાઈ રહ્યું છે.

### ધમધમાટ વચ્ચે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ખાસ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ યોજનાના લોન્ચીંગ પ્રસંગે રાજ્યના આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરી પણ વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

એક તરફ તંત્રના અધિકારીઓ અધકચરા મન સાથે કાર્યક્રમને આખરીરૂપ આપવામાં વ્યસ્ત બન્યા છે તો બીજી તરફ ઈન સર્વીસ ડૉક્ટર્સ એસોસીએશને આજે માસ સી.એલ. પછી આગામી દિવસોમાં અચોક્કસ મુદતની હડતાલ સહિતના આક્રમક આંદોલનની વાત કરી છે.

### મતાધિકાર વાપરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોકપોલ કરવામાં આવશે. જિલ્લાતંત્રએ આ ચૂંટણી માટે ૧૮૦૦ જેટલા ઈવીએમ મશીનનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે.

૨૦ જેટલા સંવેદનશીલ ગામોમાં સઘન પોલીસ બંદોબસ્તની સાથે સાથે સઘન પોલીસ પેટ્રોલીંગ પણ રાખવામાં આવશે. જિલ્લા કક્ષાએ ચૂંટણીનું મોનીટરીંગ થશે. આ માટે પુરતો પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હોવાનું પણ તંત્રના અધિકારીઓએ જણાવ્યું છે.

મતદાનની આડે હવે ગણતરીના કલાકો જ બાકી રહેતાં ઉમેદવારોએ મતદારોનું સંપર્ક અભિયાન પણ સઘન બનાવી દીધુ છે. જિલ્લામાં આ ચૂંટણીમાં મિત્ર મંડળના રાજકારણે ભારે ગરમી લાવી દીધી છે એટલુ જ નહિ કેટલાક ગામોમાં પરિણામોએ તો રાજકીય નેતાઓની ઉત્સુકતા પણ વધારી દીધી છે.

આ બીજા તબક્કાની એક-બે નાની ફરિયાદોને બાદ કરતાં આચારસંહિતા ભંગની કોઈ મોટી ફરિયાદો નોંધાઈ નથી. તંત્ર દ્વારા ચૂંટણી અંગેની તૈયારીઓ સંપન્ન કરી દેવામાં આવી છે.

### બિલ પાસ થયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આના ઉપર કોઈ એક સરકાર ક્રેડિટ લઈ શકે નહીં. સંસદના ઉપલા ગૃહમાં બિલ પસાર કરી દેવામાં આવ્યા બાદ જેટલીએ બિલને લઈને સર્વસંમતિ મુદ્દે ખુશી વ્યક્ત કરી હતી. ૧૭-૧૮ મેના દિવસે નિયમો અને રેટને અંતિમ મંજુરી આપી દેવામાં આવશે. જેથી પહેલી જુલાઈથી આને અમલી કરવામાં આવશે. બીજી બાજુ પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે આને ગેમ ચેન્જર તરીકે ગણાવીને પ્રશંસા કરી હતી. રાજ્યસભામાં જીએસટી બિલો પસાર થઈ ગયા બાદ નાણામંત્રી જેટલી મનમોહનસિંહની પાસે પહોંચ્યા હતા અને તેમની સાથે હાથ મિલાવ્યા હતા. કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે જીએસટી બિલ પર કોઈ સુધારા સૂચવ્યા ન હતા. આને સૌથી મોટા સુધારા તરીકે ગણવામાં આવે છે. સ્વતંત્ર ભારતના સૌથી મોટા સુધારા તરીકે આને ગણવામાં આવે છે. હવે રાજ્ય વિધાનસભા દ્વારા તેમના સંબંધિત રાજ્ય જીએસટી બિલને પસાર કરાશે. જીએસટી કાઉન્સીલમાં પહેલાથી જ ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકાના ચાર સ્તરીય ટેક્સ માળખાની વાત કરવામાં આવી છે.

### હિમવર્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

શકે છે. છેલ્લા ત્રણ દિવસથી રાજ્યના મેદાની ભાગોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. આ ઉપરાંત સતત વરસાદ પડી રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપે કાશ્મીર ખીણની તમામ સ્કુલોમાં રજાની જાહેરાત કરવામાં આવી છે. ભારે વરસાદના પરિણામ સ્વરૂપે ખીણના મોટાભાગના સરોવરમાં પાણીનું પ્રમાણ વધી ગયું છે. નદીઓમાં પાણીનું સ્તર પણ વધી ગયું છે. સંબંધિત અધિકારીઓને ચોવીસ કલાક માટે તૈનાત રહેવા માટે કહેવાયું છે. નીચાણવાળા વિસ્તારો જળબંબાકર થઈ ગયા છે. દક્ષિણ કાશ્મીરના સંગમ, શ્રીનગરની પાસે મુનસીબાગ, ઉત્તર કાશ્મીરના આસામમાં જેલમ નદી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. ઉત્તર કાશ્મીરમાં બારામુલા જિલ્લામાં ફિરોઝપુર વિસ્તારમાં પાણીની સપાટી વધી ગઈ છે. અનેક ગામોમાં પાણી ઘુસી ગયા છે. રાહત ટીમો સક્રિય થઈ ગઈ છે.